ધી ગણદેવી પીપલ્સ કો-ઓપ.બેન્ક લિ.,

ગણદેવી

પેટા કાયદો અને ચુંટણીના નિયમોમાં

સુચિત સુધારો

ઘી ગણદેવી પીપલ્સ કો.ઓપરેટીવ બેન્ક લી, ગણદેવી

અનુ ક્રમ	પેટાનિયમ નંબર	હાલની જોગવાઈ	ફેરફાર/ ઉમેરા બાદની જોગવાઈ	ફેરફાર/ ઉમેરા ના કારણો
1	(૪)(૧૦)	નવી જોગવાઈ.	"ન્યુનત્તમ સેવાઓ" એટલે બેન્કના પેટા નિયમ(૧૨)(બ)માં નિર્ધારિત કરેલ ન્યુનત્તમ સેવાઓ	કાયદાની કલમ 28એ ની જોગવાઈને અનુરૂપ કરવા માટે
2	(૪)(૧૧)	નવી જોગવાઈ.	" **નિષ્ક્રિય** સભ્ય" એટલે બેન્કનો એવો સભાસદ જેણે પેટા-નિયમ(૧૨)(બ)માં નિર્ધારિત કરેલ ન્યુનત્તમ સેવાઓનો પાંચ વર્ષની સળંગ મુદત સુધી ઉપયોગ ના કર્યો હોય અને જેને બેન્ક દ્વારા નિષ્ક્રિય સભાસદ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ હોય	ન્યુનત્તમ સેવાઓનો ઉપયોગ ના કર્યો હોય તેવા સભાસદોને નિષ્ક્રિય સભાસદ તરીકે વર્ગીકૃત કરવા માટે
3	(૪)(૧૨)	નવી જોગવાઈ.	**“નિયત સમયગાળો”** એટલે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીના જાહેરનામાથી અગાઉના પાંચ વર્ષનો સમયગાળો. **નોંધ**:- આ પેટા નિયમ સુધારો મંજુર થયા બાદની પ્રથમ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી માટે નિયત સમયગાળો એટલે તા. 31/12/025ની સ્થિતિ.	કાયદાની કલમ 28એ ની જોગવાઈને અનુરૂપ કરવા માટે

4	**(૪)(૧૩)**	નવી જોગવાઈ	**"સંચાલક મંડળ"** એટલે જેને બેન્કના કામકાજના સંચાલનનું નિયમન અને નિયંત્રણ સોંપવામાં આવેલ હોય તેવું સંચાલક મંડળ, બોર્ડ અથવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ	વધુ સ્પષ્ટતા માટે અને કલમ-૨(૫) ની જોગવાઈને અનુરૂપ કરવા માટે
5	(૫) (૬)	મે. રજીસ્ટર સાહેબે ઘડેલા નમૂનાનાં નિયમો મુજબ અથવા બેંકે ઘડેલા અને મે. રજીસ્ટર સાહેબે મંજુર કરેલા નિયમો મુજબ દર્શનીય અને ટૂંકી મુદતની હૂંડી અને બિલને લાગતું કામકાજ કરવું.	ભારતીય રિઝર્વ બેન્ક ની વખત તો વખતની માર્ગદર્શક સૂચનાઓને આધીન બેંકે મંજુર કરેલા નિયમો મુજબ દર્શનીય અને ટૂંકી મુદતની હૂંડી અને બિલને લાગતું કામકાજ કરવું.	ધિરાણ અંગેની સૂચનાઓ ઈસ્યુ કરવાનો અધિકાર ભારતીય રિઝર્વ બેન્કને હોવાથી બેંકે તે પ્રમાણે અમલ કરવાનો થાય છે
6	(૫)(૧૮)(અ)	નવી જોગવાઈ.	સભાસદોની તેમજ બિન સભાસદોની સેવા અર્થે વિમાના પ્રીમિયમ, ઇલેક્ટ્રીક કંપનીના બિલ્સ અને તેવા પ્રકારની અન્ય કામગીરી કમિશનથી હાથ ધરવાનો. ગેસ કંપનીના બિલ, ગૂડ્સ અને સર્વિસ ટેક્સ(GST)નું કલેક્શન, ઇન્કમટેક્સનું કલેક્શન સરકારશ્રીના અન્ય કોઈપણ પ્રકારના વેરાનું કલેક્શન અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જેવી કે નગરપાલિકા કે મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્સ બિલનું કલેક્શન જેવી કામગીરી અને સ્ટેમ્પ ફ્રેંકીંગનું કામકાજ કરવું,સરકારશ્રી તથા સરકારશ્રીના નિગમોના નાણાં એકત્ર કરવા માટે એજન્ટ તરીકે કાર્ય કરવું.	સભાસદોને અને અન્ય જાહેર જનતાને અન્ય સેવાઓ એકજ સ્થળેથી મળી રહે તે માટે અને બેન્કની આવક વધારવા.

7	(૫)(૧૮)(બ)	નવી જોગવાઈ	કોર્પોરેટ એજન્ટ / રેફરલ ધોરણે વીમાનો વ્યવસાય હાથ ધરવો	વીમાનું કામ કરી બેંકની આવક વધારવા માટે
8	(૬)(૬)	નવી જોગવાઈ	લોંગ ટર્મ ડિપોઝિટ	બેંકનું ભન્ડોળ વધારવા માટે
9	(૬)(૭)	નવી જોગવાઈ	પ્રેફરન્સ શેર	બેંકનું ભન્ડોળ વધારવા માટે
10	(૬)(૮)	નવી જોગવાઈ	બોન્ડ	બેંકનું ભન્ડોળ વધારવા માટે
11	(૬)(૯)	નવી જોગવાઈ	રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા જે માટે મંજૂરી આપવામાં આવે તે રીતે	બેંકનું ભન્ડોળ વધારવા માટે
12	(૯)	**ફાજલ નાણાં રોકવા વિશે:** બેંકનું નાણું ઉપયોગમાં ન હોય તે સહકારી કાયદાની કલમ ૭૧ માં જણાવ્યા પ્રમાણે રોકવામાં આવશે પણ આવું રોકાણ ઇન્ડિયન ટ્રસ્ટ એક્ટની કલમ 20(ઈ) અનુસાર મેં. રજીસ્ટર સાહેબની અગાઉથી મંજૂરી મેળવ્યા સિવાય કરવામાં આવશે નહી. નોંધ :બેન્કના લ્હેણાની વસુલાત માટે સ્થાવર મિલ્કતમાં કરેલા રોકાણો અગર તો મે.રજીસ્ટ્રારશ્રીની અગાઉથી મંજૂરી મેળવીને બેન્કના ઉપયોગ માટે મકાન અથવા મકાનો ખરીદવામાં અથવા મકાનો બાંધવાના હેતુઓથી કરેલા રોકાણનો આ પેટા કાયદામાં સમાવેશ થાય છે.	**ફાજલ નાણાં રોકવા વિશે:** બેંકનું નાણું ઉપયોગમાં ન હોય તે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની વખતોવખતની ગાઇડલાઇન્સ અને સહકારી કાયદાની કલમ ૭૧માં જણાવ્યા પ્રમાણે રોકવામાં આવશે. નોંધ:બેન્કના લ્હેણાની વસુલાત માટે સ્થાવર મિલ્કતમાં કરેલા રોકાણો અગર તો મે.રજીસ્ટ્રારશ્રીની અગાઉથી મંજૂરી મેળવીને બેન્કના ઉપયોગ માટે મકાન અથવા મકાનો ખરીદવામાં અથવા મકાનો બાંધવાના હેતુઓથી કરેલા રોકાણનો આ પેટા કાયદામાં સમાવેશ થાય છે.	ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા સમય-સમય પર રોકાણ કરવા અંગેની સુચનાઓ ઇસ્યુ કરવામા આવે છે તેની સાથે સુસંગતતા માટે

13	**(૧૦)(અ)(૪)**	જેણે ૫/- રૂપિયા પ્રવેશફી આપી હશે.	જેણે રૂપિયા ૫૦/- અથવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વખતો વખત નક્કી કરે તે મુજબ પ્રવેશ ફી આપી હશે.	આ ફી ઘણા લાંબા સમય પહેલાં નક્કી કરવામાં આવી હતી અને નજીવી રકમની હોવાથી વધારો કરવો જરૂરી છે અને ભવિષ્યમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વખતો વખત પ્રવેશ ફીની રકમમાં ફેરફાર કરી શકે તે વહીવટી અનુકૂળતા માટે.
14	**(૧૦)(અ)(૬)**	નવી જોગવાઈ	બેંકમાં નવા સભાસદ થવા માટે એકસો રૂપિયાના એક એવા પાંચ શેર એટલે કે ઓછામાં ઓછા પાંચસો રૂપિયાના શેર ખરીદ કરવા જોઈશે.આ જોગવાઈ અમલમાં આવ્યા પહેલાં જે સભાસદ બનેલ છે તેમને શેર ખરીદ કરવા બાબતે પેટા નિયમ**(૧૦)(અ)(૫)**ની જોગવાઈ લાગુ પડશે.	શેર ભંડોળ વધારવા માટે
15	**(૧૦) (ઈ)**	પેટાનિયમ(૧૦)(અ)(બ) હેઠળની કોઈ લાયકાત ધરાવતા હશે અને તે અન્વયે સભાસદ થવા માટે અરજી કરી હશે તે કોઈપણ જાતના ભેદભાવ વગર સભાસદ થવાને પાત્ર ગણાશે.	કાયદો,નિયમો અને બેન્કના પેટાનિયમોની જોગવાઈઓ મુજબ લાયકાત ધરાવતી વ્યકતિ બેન્કના સભાસદ થવા માટે અરજી કરી શકશે.	સહકારી કાયદાની કલમ૨૨(૨) ને અનુરૂપ જોગવાઈ કરવા માટે
16	**(૧૧)(બ)**	સભાસદ થવાની અરજી ના મંજુર કરવાની સત્તા સંચાલક મંડળને રહેશે અને અને તેવે વખતે નામંજુરીની જાણ આવા નિર્ણય લેવાયાના 15 દિવસમાં તે અંગેના જરૂરી	સભાસદ થવાની અરજી નામંજુર કરવાની સત્તા સંચાલક મંડળ(બોર્ડ ઓફ ડિરેક્ટર્સ)ને રહેશે અને આ માટેનો નિર્ણય સભાસદ થવાની અરજી મળ્યાના વધુમાં વધુ ત્રણ માસ સુધીના સમયગાળામાં લેવામાં	સહકારી કાયદાની કલમ-૨૨(૨) સાથે સુસંગતતા માટે.

		કારણો સહીત અરજદારોને જણાવવામાં આવશે.	આવશે અને આ સમય મર્યાદામાં નામંજૂરી માટેના જરૂરી કારણો સહીત અરજદારોને જણાવવામાં આવશે.	
17	**(૧૨)(અ)**	નવી જોગવાઈ	**સાધારણ સભામાં હાજર રહેવાની સભાસદની ફરજ**: બેન્કના દરેક સભ્યે બેન્કની પાંચ વર્ષની સળંગ મુદતની અંદર યોજવામાં આવેલી સામાન્ય સભાઓ પૈકી ઓછામાં ઓછી બે સામાન્ય સભાની બેઠકોમાં હાજર રહેવું જોઈશે.	કાયદાની કલમ 28એ ની જોગવાઈને અનુરૂપ કરવા માટે
18	**(૧૨)(બ)**	નવી જોગવાઈ	**ન્યુનત્તમ સેવાઓનો ઉપયોગ કરવાની સભાસદની ફરજ**: બેન્કના દરેક સભ્યે વ્યકતિગત રીતે નિયત સમયગાળાની મુદત સુધી બચત ખાતા, ફિક્સ્ડ ડિપોઝિટ અથવા અન્ય કોઈપણ સ્વરૂપમાં ઓછામાં ઓછું રૂ.3000/-(અંકે રૂપિયા ત્રણ હજાર પુરા)નું બેલેન્સ રાખવું જોઈએ અથવા સતત ઓછામાં ઓછી રૂ. 50000/-(અંકે રૂપિયા પચાસ હજાર પુરા)ની લોન લીધી હોવી જોઈએ અને તેનો પુરેપુરો ઉપયોગ કરેલ હોવો જોઈશે. સંયુક્ત ડિપોઝીટ કે લોન ખાતાઓના કિસ્સામાં વ્યક્તિદીઠ આ જોગવાઈ લાગુ પડશે. જે સભાસદ આ મુજબ ન્યુનત્તમ સેવાઓનો ઉપયોગ કરવાની ફરજ ચુકશે તેને નિષ્ક્રિય સભાસદ તરીકે	કાયદાની કલમ 28 એ ની જોગવાઈ મુજબ ન્યુનત્તમ સેવાઓનો ઉપયોગ કરવાની સભાસદની ફરજ નક્કી કરવા માટે

			વર્ગીકૃત કરવામાં આવશે. આવા નિષ્ક્રિય સભાસદ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ સભાસદ બેન્કના સભાસદ તરીકેના હક્કો વાપરી શકશે નહિ.	
19	(૧૮)(૧)	સભાસદ તેના શેર/ શેરો એક વર્ષથી ઓછા નહીં તેટલા વખત સુધી ધારણ કર્યા બાદ સંચાલક મંડળની મંજૂરી મળેથી બીજા સભાસદને તબદીલ કરી શકશે. જેના નામે શેર/શેરો તબદીલ કરવામાં આવ્યા છે. તેનું તબદીલી લેનારનું નામ સભાસદોના રજીસ્ટરમાં દાખલ કરવામાં આવ્યું ન હોય તેમજ શેર અરજી દીઠ તબદીલીની ફી રૂપિયા ૫/- ભરપાઈ થઇ ન હોય ત્યાં સુધી તે તબદીલી પરિપૂર્ણ થયેલી ગણાશે નહીં. શેરનો મોં બદલો કરવાને બેંકે ઈશ્યુ કરેલા અને બેંકના છાપેલા ફોર્મ જ વાપરવા પડશે. પેટાનિયમ **(૧૦)**(અ)માં જણાવેલી લાયકાત ધરાવનારાના નામે જ શેર બદલો કરી શકશે.	સભાસદ તેના શેર/શેરો એક વર્ષથી ઓછા નહીં તેટલા વખત સુધી ધારણ કર્યા બાદ સંચાલક મંડળની મંજૂરી મળેથી બીજા સભાસદને તબદીલ કરી શકશે. જેના નામે શેર/શેરો તબદીલ કરવામાં આવ્યા છે. તેનું તબદીલી લેનારનું નામ સભાસદોના રજીસ્ટરમાં દાખલ કરવામાં આવ્યું ન હોય, તેમજ શેર અરજી દીઠ તબદીલીની ફી રૂપિયા ૫૦/- અથવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વખતો વખત નક્કી કરે તે મુજબ ભરપાઈ થઇ ન હોય ત્યાં સુધી તે તબદીલી પરિપૂર્ણ થયેલી ગણાશે નહીં. શેરનો મોં બદલો કરવાને બેંકે ઈશ્યુ કરેલા અને બેંકના છાપેલા ફોર્મ જ વાપરવા પડશે. પેટાનિયમ **(૧૦)**(અ)માં જણાવેલી લાયકાત ધરાવનારાના નામે જ શેર બદલો કરી શકશે.	આ ફી ઘણા લાંબા સમય પહેલાં નક્કી કરવામાં આવી હતી અને નજીવી રકમની હોવાથી વધારો કરવો જરૂરી છે અને ભવિષ્યમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વખતો વખત તબદીલીની ફીની રકમમાં ફેરફાર કરી શકે તે વહીવટી અનુકૂળતા માટે .
20	(૧૮)(3)	જો કોઈ શેર ફાટી જાય, ઘસાઈ જાય, નાશ પામે કે ખોવાઈ જાય તો તેને બદલે શેર સર્ટિફિકેટ દીઠ રૂપિયા ૫/- ફી લઈને નવા શેર	જો કોઈ શેર ફાટી જાય, ઘસાઈ જાય, નાશ પામે કે ખોવાઈ જાય તો તેને બદલે શેર સર્ટિફિકેટ દીઠ રૂપિયા ૫૦/- અથવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વખતો વખત નક્કી	આ ફી ઘણા લાંબા સમય પહેલાં નક્કી કરવામાં આવી હતી અને નજીવી રકમની હોવાથી વધારો

21		સર્ટિફિકેટ કાઢી આપવામાં આવશે. પરંતુ તેવું સર્ટિફિકેટ ફાટી ગયેલ છે કે ખોવાઈ ગયેલ છે તેનો પુરાવો સંચાલક મંડળને પ્રતીતિજનક આપવો જરૂરી બનશે. અથવા એવા પુરાવાને આધારે શેર સર્ટિફિકેટ ન હોવાનો કરાર સંચાલક મંડળને યોગ્ય લાગે તેવા લખી આપવા પૂરતો ગણાશે.	કરે તે મુજબ ફી લઈને નવા શેર સર્ટિફિકેટ કાઢી આપવામાં આવશે. પરંતુ તેવું સર્ટિફિકેટ ફાટી ગયેલ છે કે ખોવાઈ ગયેલ છે કે ઘસાઈ જાય તેનો પુરાવો સંચાલક મંડળને પ્રતીતિજનક આપવો જરૂરી બનશે. અથવા એવા પુરાવાને આધારે શેર સર્ટિફિકેટ ન હોવાનો એકરાર સંચાલક મંડળને લખી આપે તો તે યોગ્ય અને પૂરતો પુરાવો ગણાશે.	કરવો જરૂરી છે અને ભવિષ્યમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વખતો વખત ફીની રકમમાં ફેરફાર કરી શકે તે વહીવટી અનુકૂળતા માટે .
21	(૨૩)(૧)	પેટા કાયદા (૧૦)(બ)માં જણાવ્યા મુજબ પેટા કાયદાઓમાં ગમે તે નિર્દેશ કર્યો હોય તો પણ ખેડૂત અથવા બિન ખેડૂત કોઈપણ ઈસમને બેંકના કાર્યક્ષેત્રમાં રહેતો હોય, ધંધો નોકરી કરતો હોય, મિલકત ધારણ કરતો હોય અને નાણાં ધીરધાર કરતી સહકારી મંડળીઓની સભાસદ ન હોય તેમ જ ઋણ રાહત ધારા હેઠળ નીચે આપેલ કોઈપણ કામમાં પક્ષકાર ન હોય તેઓને અથવા જે બેંકના કરજ લેનાર સભાસદના જામીન થવા ઈચ્છતી હોય અથવા તો જે પ્રસંગોપાત કામચલાઉ (ટૂંક સમય માટે) નક્કર જામીનગીરી જેવી કે સોના ચાંદીના દાગીના,બાંધી મુદતની થાપણ રસીદો, જીવન-વીમા પોલિસીઓ અને સરકારી અને	પેટા કાયદા (૧૦)(બ)માં જણાવ્યા મુજબ પેટા કાયદાઓમાં ગમે તે નિર્દેશ કર્યો હોય તો પણ ખેડૂત અથવા બિન ખેડૂત કોઈપણ ઈસમને બેંકના કાર્યક્ષેત્રમાં રહેતો હોય, ધંધો નોકરી કરતો હોય, મિલકત ધારણ કરતો હોય અને નાણાં ધીરધાર કરતી સહકારી મંડળીઓની સભાસદ ન હોય તેમ જ ઋણ રાહત ધારા હેઠળ કોઈપણ કામમાં પક્ષકાર ન હોય તેઓને અથવા જે બેંકના કરજ લેનાર સભાસદના જામીન થવા ઈચ્છતી હોય અથવા તો જે પ્રસંગોપાત કામચલાઉ (ટૂંક સમય માટે) નક્કર જામીનગીરી જેવી કે સોના ચાંદીના દાગીના,બાંધી મુદતની થાપણ રસીદો, જીવન-વીમા પોલિસીઓ અને સરકારી અને	આ ફી ઘણા લાંબા સમય પહેલાં નક્કી કરવામાં આવી હતી અને નજીવી રકમની હોવાથી વધારો કરવો જરૂરી છે અને ભવિષ્યમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વખતો વખત નોમિનલ સભાસદ ફીની રકમમાં ફેરફાર કરી શકે તે વહીવટી અનુકૂળતા માટે

		અન્ય ટ્રસ્ટની જામીનગીરીઓ સામે કરજ લેવા ઈચ્છતી હોય તેવી ઠરાવેલ નમૂનામાં/ અરજીપત્રમાં અરજી તેમજ તે સાથે પરત ન કરી શકાય તેવી રૂપિયા ૫/-ની દાખલ ફી મળેથી તેને નામના નોમિનલ સભાસદો તરીકે દાખલ કરી શકાશે. બોર્ડ જે ફી મળે થી તેને નામના સભાસદ તરીકે દાખલ કરી શકાશે. બોર્ડે જે ઈસમને નોમિનલ સભાસદ દાખલ કર્યા હશે તેને શેર લેવાની આવશ્યકતા રહેશે નહીં. આવા નોમિનલ સભાસદની દાખલ ફી સહકારી વર્ષના અંતે રિઝર્વ ફંડ ખાતે લઈ જવામાં આવશે.	અન્ય ટ્રસ્ટની જામીનગીરીઓ સામે કરજ લેવા ઈચ્છતી હોય તેવી ઠરાવેલ નમૂનામાં/ અરજીપત્રમાં અરજી તેમજ તે સાથે પરત ન કરી શકાય તેવી રૂપિયા ૫૦/- અથવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વખતો વખત નક્કી કરે તે મુજબ ની દાખલ ફી મળેથી બોર્ડ તેને નામના (નોમિનલ) સભાસદો તરીકે દાખલ કરી શકાશે. બોર્ડે જે ઈસમને નોમિનલ સભાસદ દાખલ કર્યા હશે તેને શેર લેવાની આવશ્યકતા રહેશે નહીં. આવા નોમિનલ સભાસદની દાખલ ફી સહકારી વર્ષના અંતે રિઝર્વ ફંડ ખાતે લઈ જવામાં આવશે.	
22	(૨૩)(૨)(ક)	લાભાંશ(ડિવિડન્ડ) મેળવવાનો	લાભાંશ(ડિવિડન્ડ) અથવા ભેટ મેળવવાનો	વહીવટી અનુકૂળતા અને વધુ સ્પષ્ટતા માટે
23	(૨૫)(૧૨)	નવી જોગવાઈ	ભારતીય રિઝર્વ બેન્ક ની વખત તો વખતની માર્ગદર્શક સૂચનાઓને આધીન કોમ્પ્રોમાઇઝ અને ટેકનિકલ રાઇટ ઓફ માટેની નીતિ ઘડવી.	રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના તા. ૦૮/૦૬/૨૦૨૩ના સર્ક્યુલર મુજબ
24	(૩૦)(૭)	નવી જોગવાઈ	નિષ્ક્રિય સભાસદ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ સભાસદ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીમાં ભાગ લઇ શકશે નહીં અને મત આપી શકશે નહીં.	બેંકમાં સક્રિય સભાસદો વધારવા માટે
25	(૩૨)	**વાર્ષિક સાધારણ સભા આગળ અગર ખાસ સાધારણ સભામાં મે રજીસ્ટર શ્રી ની**	જોગવાઈ રદ કરવી	સહકારી કાયદા કે નિયમોમાં ઠરાવ લાવવા બાબતે

		રજીસ્ટ્રારશ્રીની મંજૂરી સિવાય નીચેના ઠરાવો લાવી શકાશે નહીં. (૧) જે ઠરાવથી ડિરેકટરોની ચૂંટણીમાં ડિરેક્ટરોની ચૂંટણીમાં ફેરફાર થતો હોય અને તે ચૂંટણી થયાને છ માસ પૂરા થયા ન હોય. (૨) જે ઠરાવથી કોઈ આગળ થયેલા ઠરાવ કે જેને સાધારણ સભામાં પસાર થવાને છ માસ થયા હોય નહીં તે રદ થતો હોય.		રજીસ્ટ્રારશ્રીની મંજુરી લેવી તેવી કોઈ જોગવાઈ ન હોવાથી.
26	(૩૪)(૨)	**ડિરેકટર થવાની લાયકાતો**	**ડિરેકટર થવાની અને ડિરેક્ટર તરીકે ચાલુ રહેવાની લાયકાતો.**	ડિરેકટર થવાની જે લાયકાતો છે તે ડિરેક્ટર તરીકે ચાલુ રહેવા પણ જરૂરી હોવાથી
27	(૩૪)(૨)(૨)	જે સભાસદ બેન્કનો મૂળ કરજદાર અથવા જામીનદાર તરીકે મુદત વીતેલ બાકીદાર હશે અગર તો તેની પાસે બેન્કના કાર્યક્ષેત્રમાં આવેલી કોઈપણ મંડળીનું કે બેન્કનું લ્હેણુ લવાદી રાહે અગર દીવાની રાહે દાવો -દરખાસ્ત કરી વસુલ લેવામાં આવ્યું હશે અગર તો રાષ્ટ્રીયકૃત ,ખાનગી કે સહકારી બેન્કનો પગારદાર અધિકારી કે કર્મચારી હશે તો તે સભાસદ બેન્કના ડિરેક્ટર તરીકે ચૂંટાવાને લાયક ગણાશે નહીં	જે સભાસદ બેન્કનો અથવા રાજ્યની કોઈપણ સહકારી સંસ્થા અથવા કોઈપણ નાણાકીય ધિરાણ સંસ્થાનો મૂળ કરજદાર અથવા જામીનદાર તરીકે મુદત વીતેલ બાકીદાર હશે અગર તો તેની પાસે બેન્કના કાર્યક્ષેત્રમાં આવેલી કોઈપણ મંડળીનું કે બેન્કનું લ્હેણુ લવાદી રાહે અગર દીવાની રાહે દાવો -દરખાસ્ત કરી વસુલ લેવામાં આવ્યું હશે અગર તો રાષ્ટ્રીયકૃત ,ખાનગી કે સહકારી બેન્કનો અથવા રાજ્યની કોઈપણ સહકારી સંસ્થા અથવા કોઈપણ નાણાકીય ધિરાણ સંસ્થાનો પગારદાર અધિકારી કે કર્મચારી હશે તો તે સભાસદ બેન્કના ડિરેક્ટર તરીકે ચૂંટાવાને લાયક ગણાશે નહીં	અન્ય નાણાકીય સંસ્થાઓના મુદતવીતી બાકીદારો અને અધિકારી-કર્મચારીઓને બેંકમાં ચૂંટણીમાં ભાગ લેતા રોકવા માટે

28	(૩૪)(૨)(૭)	નવી જોગવાઈ	ગુજરાત સહકારી મંડળીઓના નિયમો- ૧૯૬૫ના નિયમ(કાનૂન)-૩૨ જણાવવામાં આવેલ નીચે મુજબની કોઈપણ ગેરલાયકાત ધરાવતો ન હોવો જોઈએ. (i) બેન્ક સાથે કરવામાં આવેલા કોઈ ચાલુ કરારમાં અથવા બેંકે વેચેલી કે ખરીદેલી કોઈ મિલકતમાં અથવા બેન્કમાં કરેલા કોઈ રોકાણ અથવા બેન્ક પાસેથી લીધેલી કોઈ લોન સિવાય બેન્ક સાથેની બીજી કોઈ લેવડદેવડમાં, તે પ્રત્યક્ષ અથવા પરોક્ષ કંઈ હિતસંબંધ ધરાવતો ન હોય. (ii) કાયદાની કલમ-૮૨ હેઠળ તેને જવાબદાર ઠરાવવામાં આવ્યો ન હોય. (iii) કાયદાની કલમ-૯૧ હેઠળ, મેજીસ્ટ્રેટે ખર્ચની વસુલાત માટેનો કોઈ હુકમ તેની સામે કર્યો ન હોય. (iv) કાયદાની કલમ-૯૩ હેઠળ તેની સામે કોઈ હુકમ કર્યો ન હોય. (v) કાયદાની કલમ-૧૪૭ હેઠળના ગુનાઓ પૈકી કોઈ ગુના માટે અથવા બેન્કની કોઈ મિલકતના સંબંધમાં ભારતીય ન્યાય	ગુજરાત સહકારી મંડળીઓના નિયમો-1965ના નિયમ(કાનૂન)-32 સાથે સુસંગતતા માટે.

			સંહિતા,૨૦૨૩નીકલમ-૩૧૪ હેઠળ કોઈ ગુના બદલ દોષિત જણાયો ન હોય.	
29	(૩૪)(૨)(૮)	નવી જોગવાઈ	કાયદાની કલમ-૧૧૫ એચ હેઠળના ગુનાઓ પૈકી કોઈ ગુના બદલ દોષિત જણાયો ન હોય.	કાયદાની કલમ-૧૧૫ સી સાથે સુસંગતતા માટે
30	(૩૪)(૩)(૨)	સાધારણ સભાના 2/3 બહુમતીથી પૂરતા કારણોને લીધે તેને દૂર કરવામાં આવે.	જોગવાઈ રદ કરવી	ચૂંટાયેલ ડિરેક્ટરને દૂર કરવાની સત્તા રજિસ્ટ્રારશ્રી ને હોવાથી અને સાધારણ સભાને સત્તા ન હોવાથી.
31	(૩૪)(૪)	બોર્ડના સભ્યોને બોર્ડમાંથી ખસેડવાની રીત પેટા કાયદા (૩૪)(૨) અને (૩૪)(૩) અનવયે બોર્ડના કોઈપણ સભ્ય ડિરેક્ટરને બોર્ડની સભાના ઠરાવથી બોર્ડમાંથી ખસેડી શકાશે. પરંતુ તે ઠરાવ સભામાં પડેલા 3/4 મતથી પસાર થયેલો હોવો જોઈએ	જોગવાઈ રદ કરવી	ચૂંટાયેલ ડિરેક્ટરને દૂર કરવાની સત્તા રજિસ્ટ્રારશ્રી ને હોવાથી અને સાધારણ સભાને સત્તા ન હોવાથી.
32	(૩૫)(૩૪)	ચૂંટણીના નિયમો ઘડવા,સુધારવા,સાધારણ સભાની મંજૂરી મેળવીને રજિસ્ટ્રારશ્રીની મંજૂરી અર્થે મોકલવા,મંજુર થઇ આવ્યાબાદ તેનો અમલ કરવો	બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીના નિયમો ઘડવા,સુધારવા,સાધારણ સભાની મંજૂરી મેળવીને તેનો અમલ કરવો	ચૂંટણીના નિયમોમાં ફેરફાર માટે માટે રજિસ્ટ્રારશ્રીની મંજૂરી જરૂરી ના હોવાથી
33	(૩૬)(બ)	**શાખ નક્કી કરવાની કમિટી:** પાંચ સભ્યોની એક શાખ કમિટી હોદ્દેદારોની ચૂંટણી બાદ બોર્ડ નિમણૂક કરશે. બેંક સાથે જ વહીવટ કરવા માંગતા હોય તેમની શાખ આ	**શાખ નક્કી કરવાની કમિટી:** હોદ્દેદારોની ચૂંટણી બાદ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, બોર્ડના સભ્યોમાંથી પાંચ સભ્યોની એક શાખ કમિટીની નિમણૂક કરશે. બેંક સાથે જ વહીવટ કરવા માંગતા	રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની સૂચનાઓ મુજબ ફક્ત બોર્ડના સભ્યો જ આ કમિટીમાં ભાગ લઇ શકે તે માટે

		કમિટીમાં નક્કી કરવામાં આવશે. અને તેમની ક્રેડિટ રજીસ્ટરમાં નોંધ કરવામાં આવશે. શાખ કમિટીમાં પાંચ સભ્યો પૈકી ત્રણ કમિટી સભ્યો બોર્ડના સભ્યો તથા બે સભ્યો બહારના જેઓ પેટા નિયમ (૩૪)(૨) મુજબની લાયકાત ધરાવતા હોવા જોઈએ.	હોય તેમની શાખ આ કમિટીમાં નક્કી કરવામાં આવશે. અને તેમની ક્રેડિટ રજીસ્ટરમાં નોંધ કરવામાં આવશે.	
34	**(૩૬)(૬)**	એચ.પી. લોન ઓ.ડ્રા કમિટી:બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માંથી પાંચ સભ્યોની કમિટી નિમવામાં આવશે. ત્રણ સભ્યોનું કોરમ થશે. આ કમિટીમાં પેટ્રોલ અગર ડીઝલ થી ચાલતા દ્વિચક્રી વાહનો, બીજી જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓમાં ટીવી, ફ્રીજ,વી.સી.પી., સિવવાના મશીન, ઈલેક્ટ્રીક ઘરઘંટી, મિક્ચર, ગૃહઉપયોગી સાધનો ખરીદ કરવા માટે સભાસદોની લોન અરજીઓ મંજૂર કરવા તેની શરતો, બોલીઓ નક્કી કરવી, હપ્તા ભરપાઈ કરવાની વિગતો, જામીનગીરીઓ વિગેરે તપાસી ધિરાણનું કામકાજ કરવું, ધિરાણની બોર્ડ પાસેથી બહાલી મંજૂરી મેળવવી.	જોગવાઈ રદ કરવી	આ કમિટી જરૂરી ના હોવાથી
35	**(૪૧)(૧)**	નાણા બજારની સ્થિતિ જોઈને બોર્ડ નક્કી કરેલ વ્યાજના દરે એક અગર વધુ જાતજામીનો કે જેઓ બેંકના સભાસદ હશે તેઓની	રિઝર્વ બેંકના વખતો વખતના આદેશો, પરિપત્રો, માર્ગદર્શક સૂચનાઓને ધ્યાનમાં લઇ મંજૂર કરવામાં આવેલ ધિરાણના નિયમોની જોગવાઈઓને આધીન	રિઝર્વ બેંકના વખતો વખતના આદેશો, પરિપત્રો, માર્ગદર્શક સૂચનાઓને ધ્યાનમાં લઇ મંજૂર

		જામીનગીરી ઉપર અને બોર્ડને યોગ્ય લાગે તો સ્થાવર મિલકતને જામીનગીરી લઈને તેમજ સોના ચાંદીના દાગીના ઉપર તથા જિંદગીના વિમાની પોલિસીની સરન્ડર વેલ્યુ ઉપર બેંકની કાયમી થાપણ રસીદ તથા સહકારી બોન્ડ ઉપર પૂરતું તારણ રાખીને ફક્ત સભાસદોને જ લોન ધીરશે. ધિરાણો અને રિઝર્વ બેંકના વખતો વખત માં આદેશો પરિપત્રોને માર્ગદર્શક સૂચનાઓને ધ્યાનમાં લઇ મંજૂર કરવામાં આવેલ ધિરાણના નિયમોની જોગવાઈઓને આધીન રહી બેંકની બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, પેટા કમિટી, સ્થાનિક શાખ સમિતિઓ તેમજ અધિકૃત અધિકારીઓ તેમને મળેલ સત્તાની મર્યાદામાં રહી ધિરાણ અંગેની કામગીરી કરશે. તથા રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા ની પૂર્વ મંજૂરી બાદ અન્ય કોઈપણ બેન્કિંગ એજન્સી અગર નાણાકીય નિગમ સંસ્થાઓ સાથે રહી ઠરાવેલ શરતોએ બેંક ભાગીદારમાં અથવા સંયુક્ત પણે કોઈપણ પ્રકારનું ધિરાણ કરી શકશે.	રહી બેંકની બોર્ડ ઓફ ડિરેક્ટર્સ નાણા બજારની સ્થિતિ જોઈને ધિરાણ કરશે.	ધિરાણના નિયમો બનાવી તે મુજબ અમલ કરવાનો હોવાથી.

36	(૪૧)(3)	ડિરેક્ટરની બોર્ડે ઘડેલા અને મે.રજીસ્ટ્રાર સાહેબે મંજૂર કરેલા નિયમો પ્રમાણે પોતાના સભાસદો માટે કમિશન લઈને બેંક ક્રેડિટ ઓપન કરશે	જોગવાઈ રદ કરવી	પેટા નિયમ(૪૧)(૧)માં સમાવેશ કરવામાં આવેલ હોવાથી અને આ પેટાનિયમ મુજબના ધિરાણના નિયમોમાં આ બાબતોનો સમાવેશ કરી શકાશે.
37	(૪૧)(૪)	ડિરેક્ટરની બોર્ડે ઘડેલા અને મે.રજીસ્ટ્રાર સાહેબે મંજૂર કરેલા નિયમો પ્રમાણે બેંક પોતાના સભાસદોને કોઈપણ જાતના કાચો માલ અગર તૈયાર કરેલો માલ પોતાના કબજામાં રાખીને તેની જામીનગીરી ઉપર ઓછામાં ઓછા બજાર કિંમતના 30 ટકા માર્જિન રહે પ્રમાણે નાણાં ધીરશે આવી રકમની ધીરધાર છ માસથી વધુ મુદત માટે કરવામાં આવશે નહીં. અને માલની કિંમત ઘટે ત્યારે તેનો અવેજ પૂરો કરી આપવો પડશે. આવા ધિરાણની મર્યાદા રૂપિયા એક લાખ રૂપિયા એક લાખ પૂરા જામીનગીરીનું પૂરતું ધિરાણ રાખીને બોર્ડ કરશે.	જોગવાઈ રદ કરવી	પેટા નિયમ(૪૧)(૧)માં સમાવેશ કરવામાં આવેલ હોવાથી અને આ પેટાનિયમ મુજબના ધિરાણના નિયમોમાં આ બાબતોનો સમાવેશ કરી શકાશે.
38	(૪3)	**મુદત આપવા સંબંધે તથા મુદત ચુકે થી શિક્ષા વ્યાજ લેવા સંબંધે:** જે હપ્તેથી કરજ વસૂલ કરવાનું હશે તે ડિરેક્ટરોની બોર્ડ નક્કી કરશે અને જરૂર પડે ત્યારે વધારે એકી વખતે એક	જોગવાઈ રદ કરવી	પેટા નિયમ(૪૧)(૧)માં સમાવેશ કરવામાં આવેલ હોવાથી અને આ પેટાનિયમ મુજબના

		વર્ષ માટે મુદત વધારી આપી શકાશે. હપ્તા માટે દર્શાવાયેલી તારીખથી એકી વખતે એક વર્ષ કરતા વધારે મુદત માટેની અરજીઓનો નિકાલ બોર્ડ ઓફ ડિરેક્ટર કરશે. લહેણી થયેલી તારીખથી ઓ.ડ્રા. તથા લોનના જે જે હપ્તાની રકમ વસૂલ આપવામાં ન આવે તો તેના પર વધારે શિક્ષા વ્યાજ એક ટકો તરીકે લેવામાં આવશે. આ વિગત દરેક કર્જદારને પાસબુક આપવામાં આવશે તેમાં જણાવવામાં આવશે. બેંક તરફથી આપવામાં આવતો ઓ. ડ્રા. ક્લીન તથા મોર્ગેજ મુદત સર ભરપાઈ કરવામાં ન આવતા રીન્યુઅલ વખતોવખત કરવામાં આવે છે ત્યારે આવી રીન્યુઅલ થતી સગવડો ઉપર બોર્ડ એક ટકો નિયત કરેલ ચાલુ વ્યાજના દર કરતા વધારે લેવા નિયમ કરી શકશે.		ધિરાણના નિયમોમાં આ બાબતોનો સમાવેશ કરી શકાશે.
૩૭	(૪૪)	ડિરેક્ટરોની બોર્ડ રિઝર્વ બેન્કના વખતના આદેશો, પરિપત્રો અને માર્ગદર્શક સૂચનાઓને ધ્યાનમાં લઇ ધિરાણ મંજૂર કરી શકશે. દરેક કર્જ સારૂં દસ્તાવેજ લખાવી લેવામાં આવશે. જેની અંદર વ્યાજનો દર, હપ્તાની તારીખ, ભરપાઈ કરવાની મુદત, રકમ અને જામીનગીરી નો પ્રકાર લખવામાં આવશે. બેંક	જોગવાઈ રદ કરવી	પેટા નિયમ**(૪૧)(૧)**માં સમાવેશ કરવામાં આવેલ હોવાથી અને આ પેટાનિયમ મુજબના ધિરાણના નિયમોમાં આ બાબતોનો સમાવેશ કરી શકાશે.

		તરફથી કરાવી લેવામાં આવતા દસ્તાવેજ ઉપર કાયદા દ્વારા નિયત કરવામાં આવેલ સ્ટેમ્પ ડ્યુટી સભાસદે સ્ટેમ્પ લગાડવાના રહેશે. દસ્તાવેજ ઉપર લગાડવામાં આવેલા સ્ટેમ્પ બાબતમાં પાછળથી કોઈ મુશ્કેલી, હરકત ઉભી થાય તો તે ધિરાણ લેનાર સભાસદે જવાબદારી સ્વીકારવાની રહેશે અને તેની પૂર્તતા કરી આપવાની રહેશે.		
40	(૪૭)(3)	છ માસની મુદત ઉપરાંતનું ધિરાણ ખાતાઓ ઉપર વસૂલ કરવાનું તમામ બાકી વ્યાજ	નેવું દિવસની મુદત ઉપરાંતનું ધિરાણ ખાતાઓ ઉપર વસૂલ કરવાનું તમામ બાકી વ્યાજ	બેંકો માટે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની સૂચનાઓ મુજબ નેવું દિવસ બાદ ખાતું એન.પી.એ થતું હોવાથી
41	(૪૭)(અ)(૪અ)	નવી જોગવાઈ	સહકારી કાયદાની વખતો વખતની જોગવાઈ મુજબ સભાસદ કલ્યાણ ફંડમાં લઇ જવાની રકમ	સહકારી કાયદાની કલમ-૭૦એ સાથે સુસંગતતા માટે
42	(૪૭)(બ)	ઉપર પેટા નિયમ **(૪૭)(અ)**માં જણાવ્યા મુજબ કપાત થયા પછી બાકી રહેલા નફાની નીચે પ્રમાણે ફાળવણી કરવાની રહેશે	ઉપર પેટા નિયમ **(૪૭)(અ)**માં જણાવ્યા મુજબ કપાત થયા પછી બાકી રહેલા નફાની ફાળવણી બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા ભલામણ કર્યા મુજબ અને સાધારણ સભાની મંજૂરીથી કરવાની રહેશે.	બેન્ક સભાસદોની વખતો વખતની જરૂરિયાત મુજબ બાકી નફાની ફાળવણી કરી શકે તે માટે
43	(૪૭)(બ)(૧)	સભાસદ કલ્યાણ ફંડ	જોગવાઈ રદ કરવી	પેટા નિયમ**(૪૭)(અ)(૪અ)**માં સમાવેશ કરેલ હોવાથી

44	(૪૭)(બ)(૨)	કેળવણી ફંડ ખાતે 10 ટકા	જોગવાઈ રદ કરવી	બાકી નફાની ફાળવણીનો પેટા નિયમ(૪૭)(બ)માં સમાવેશ કરેલ હોવાથી
45	(૪૭)(બ)(3)	ડિવિડન્ડ ઈક્વિલાઈઝેશન ફંડ ખાતે ૨૦ ટકા	જોગવાઈ રદ કરવી	રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની સૂચનાઓને આધીન અમલ કરવાનો હોવાથી
46	(૪૭)(બ)(૪)	ધર્માદા ફંડ ખાતે ૫ ટકા	જોગવાઈ રદ કરવી	બાકી નફાની ફાળવણીનો પેટા નિયમ(૪૭)(બ)માં સમાવેશ કરેલ હોવાથી
47	(૪૭)(બ)(૫)	આકસ્મિક ફંડ ખાતે ૨૦ ટકા	જોગવાઈ રદ કરવી	બાકી નફાની ફાળવણીનો પેટા નિયમ(૪૭)(બ)માં સમાવેશ કરેલ હોવાથી
48	(૪૭)(બ)(6)	બેંકની પ્રગતિ અને પ્રચાર અંગે વાપરવાના ફંડ ખાતે 10 ટકા	જોગવાઈ રદ કરવી	બાકી નફાની ફાળવણીનો પેટા નિયમ(૪૭)(બ)માં સમાવેશ કરેલ હોવાથી
49	(૪૭)(બ)(૭)	વ્યાજ વળતર ફંડ 15 ટકા	જોગવાઈ રદ કરવી	બાકી નફાની ફાળવણીનો પેટા નિયમ(૪૭)(બ)માં સમાવેશ કરેલ હોવાથી
50	(૫૩)	**અન્વેષણ:** રજીસ્ટ્રારશ્રી અથવા બેંકે નિયુક્ત કરેલ અન્વેષક (ઓડિટર) બેંકના હિસાબો અને દસ્તાવેજો-ખતોનું અન્વેષણ કરશે અન્વેષકને	**અન્વેષણ:** રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની સૂચનાઓ અંતર્ગત દરેક નાણાકીય વર્ષ અંગે બેંકના હિસાબોના વૈધાનિક ઓડિટ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ઓડિટર તરીકેની	વૈધાનિક ઓડિટરની નિમણૂંક અંગે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની સૂચનાઓનું પાલન કરવું ફરજિયાત હોવાથી.

		જરૂરી એવા તમામ ચોપડાઓ-રજીસ્ટરો અને ખતો-દસ્તાવેજો રજૂ કરવાની સંચાલક મંડળની ફરજ રહેશે.	નિમણૂક માટેની દરખાસ્ત રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની મંજૂરી માટે મોકલવામાં આવશે અને જેને રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ મંજૂરી આપી હશે તે ઓડિટર દ્વારા બેંકનું વૈધાનિક ઓડિટ કરાવવામાં આવશે. નિયુક્ત કરેલ અન્વેષક (ઓડિટર) બેંકના હિસાબો અને દસ્તાવેજો-ખતોનું અન્વેષણ કરશે અન્વેષકને જરૂરી એવા તમામ ચોપડાઓ-રજીસ્ટરો અને ખતો-દસ્તાવેજો રજૂ કરવાની સંચાલક મંડળની ફરજ રહેશે.	

ચૂંટણી નિયમો

અનુક્રમ	ચૂંટણી **નિયમ નંબર**	**હાલની જોગવાઈ**	**ફેરફાર બાદની જોગવાઈ**	**ફેરફારના કારણો**
1	(૫)(૧૪)	નવી જોગવાઈ	જો તે પેટા નિયમ (૩૪)(૨) મુજબ લાયકાત ધરાવતો ના હોય	બેન્કના મંજુર થયેલા પેટાનિયમો મુજબ ડિરેક્ટર તરીકે ચૂંટાવા માટેની લાયકાત ધરાવતો હોવો જરૂરી છે
2	(૯)(૧૭)	આ નિયમમાં કોઈપણ જાતનો ફેરફાર કરવાનો હશે તો તે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બહુમતીના માટે સિવાય અને સાધારણ સભાની મંજૂરી સિવાય થઇ શકશે નહીં અને આવા ફેરફાર માટે રજિસ્ટ્રારશ્રીની મંજૂરી જરૂરી હશે.	આ નિયમમાં કોઈપણ જાતનો ફેરફાર કરવાનો હશે તો તે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બહુમતી સિવાય અને સાધારણ સભાની મંજૂરી સિવાય થઇ શકશે નહીં.	ચૂંટણીના નિયમોમાં ફેરફાર માટે માટે રજિસ્ટ્રારશ્રીની મંજૂરી જરૂરી ના હોવાથી